# જન્મદિને વધામણી



ઈલા થાનકી
સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, કારોબારી સભ્ય



જાસ્મી દિનેશભાઈ વઘાસિયા



હાર્દ સંજયકુમાર રાજપુત



વિવાન યેશા પાઠક
મો. ૯૪૨૬૫ ૬૯૩૩૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે પણ બીબીએના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૨૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનના મેનેજમેન્ટ ક્ષેત્રનાં વિદ્યાર્થીઓને બેંકિંગ ક્ષેત્ર, વીમા ક્ષેત્ર, મલ્ટીનેશનલ કંપનીઓ તેમજ સહકારી ક્ષેત્રમાં એક મહિનાની પ્રાયોગિક તાલીમ મેળવી રહ્યા છે. સાંપ્રત સમયમાં હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્ર પણ કારકિર્દીના શ્રેષ્ઠ ઘડતર માટેનો વિકલ્પ બનીને ઉભરી રહ્યો છે. ત્યારે બી.બી.એ.ના વિદ્યાર્થીઓ હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે તાલીમ મેળવી તેને પોતાની કારકિર્દીના ઘડતર માટે પ્રાયોગિક રીતે અમલીકરણ કરશે.

હોટલ મેનેજમેન્ટ માટે ફક્ત દેશમાં નહિ પરંતુ વિદેશમાં પણ વિદ્યાર્થીઓની માંગ બહોળા પ્રમાણમાં ઉભી થઈ રહી છે. જેને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ઈનટેન્શીપ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ એક મહિના દરમ્યાન વિદ્યાર્થીઓ હોટલમાં હોસ્પીટાલીટીની તેમજ ગ્રાહક સાથેના વ્યવહારથી લઈ ફાઈવસ્ટાર હોટલોનું મેનેજમેન્ટ તેમજ એડમીનીશેસન બાબતે તલસ્પર્શી તાલીમ મેળવશે જે તેઓને અભ્યાસ બાદ હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્રે સફળ ઉદ્યોગ સાહસિક તેમજ આ ક્ષેત્રે રોજગારી મેળવવાની ઉજ્જવળ તકો પ્રાપ્ત કરી શકે તેના માટે ખુબ ઉપયોગી સાબીત થશે.

હાલમાં આ કોલેજના વિદ્યાર્થીઓ ગાંધીનગરની હોટલ હવેલી ઈન તેમજ અમદાવાદની ફોર્ચ્યુનપાર્ક, લેન્ડ માર્ક હોટેલ તેમજ હોટેલ પાર્થ જેવી પ્રતિષ્ઠિત હોટેલ મેનેજમેન્ટના ક્ષેત્રે પ્રાયોગિક તાલીમ મેળવી રહ્યા છે. વિવિધ ક્ષેત્રે હાલમાં પ્રાયોગિક તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓ સાથે કોલેજના પ્રાધ્યાપક ગણ સતત સંપર્કમાં રહી સંચાલનના વિવિધ પાસાઓની મેળવેલ તાલીમ બાબતે વાર્તાલાપ કરી તેનો નિષ્કર્ષ મેળવી રહ્યા છે.

સમગ્ર ઈનટેન્શીપ ડ્રાઈવને સફળ બનાવવા કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ તેમજ પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. આશિષ ભુવા તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.



## શ્રી તાવરીયાજી ગૃપ દ્વારા ત્રિ-દિવસીય યોગ પ્રશિક્ષણનો પ્રારંભ...

શ્રી તાવરીયાજી ગૃપ દ્વારા ત્રિ-દિવસીય યોગ પ્રશિક્ષણ શિબિરનું આયોજન બલરામ મંદિર, સેકટર-૧૨ ખાતે સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. આ પ્રશિક્ષણ તારીખ ૨૭, ૨૮ અને ૨૯ના રોજ યોગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના પ્રથમ દિને પ્રશિક્ષણમાં શ્રી સ્ટેમ રીધમીંક બ્રિધીંગ તથા રીફાઈનીંગ એક્સરસાઈઝની પદ્ધતિઓ અંગે યોગ નિષ્ણાત વિક્રમ જાનીએ આરોગ્ય અને આધ્યાત્મિક દૃષ્ટિએ યોગનું મહત્વ સમજાવ્યું હતું.

# પેથાપુર ખાતે પાંચ દિવસીય શિવદર્શન આધ્યાત્મિક મેળાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

બ્રહ્માકુમારીઝ, પેથાપુર દ્વારા શિવ દર્શન આધ્યાત્મિક મેળાનું આયોજન તા. ૨૬ થી ૩૦ મે, ૨૦૧૬ દરમ્યાન પેથાપુર ગામની સોમનાથ સોસાયટી નજીકના ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું છે. આ મેળો દરરોજ સાંજના ૫ થી ૧૦ કલાક દરમ્યાન ખુલ્લો રહેશે. આ મેળામાં તમામ લોકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. શિવ દર્શન આધ્યાત્મિક મેળાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ મેળો ખરેખર અદ્દભૂત, આકર્ષક અને જીવનને રાહ ચિંધનારો મેળો છે. આ મેળામાં જીવનમાં આધ્યાત્મિકતાનું શું મહત્વ છે, તેની ઝાંખી થાય છે. તે ઉપરાંત વ્યસનથી દૂર રહેવાથી પોતાને અને પરિવારને શું ફાયદો થાય છે. તેનું પણ સુંદર મજાનું નિદર્શન કરવામાં આવ્યું છે. બ્રહ્માકુમારી સંસ્થા એ સમાજમાં સેવા અને આધ્યાત્મિકતાના ગુણોને વિકસાવવાનું પ્રસંશનીય કામ કરી રહ્યાં છે.

પેથાપુર ખાતે આયોજિત શિવ દર્શન આધ્યાત્મિક મેળામાં નિર્માણ કરવામાં આવેલી બાબા કી કુટિયાં, પરમાત્મા દર્શન પ્રદર્શની, ચૈતન્ય દેવીઓની ઝાંખીના સ્ટોલનું ઉદ્દઘાટન પણ મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર મેળાના તમામ સ્ટોલની મુલાકાત મંત્રીએ લીધી હતી. આ મેળામાં નિદ્રાથી જાગતો ૧૭ ફુટનો કુંભકર્ણ, શિવલિંગ પર અભિષેક, પરમાત્મા દર્શન પ્રદર્શની, ચૈતન્ય દેવીઓની ઝાંખી, વેલ્યુ ગેમ, સમય દર્શન, વ્યસન મુક્તિ અને બાબા કી કુટિયાં જેવા અનેક સ્ટોલનું અદ્દભૂત રીતે નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મેળાના ઉદ્દઘાટન સમારંભમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પેથાપુર નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, બ્રહ્માકુમારી ગુજરાત ઝોનના વડા સરલાદીદી સહિત અનેક મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.






# આઈએએમએઆઈ અને ગુગલ રાજયમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપશે






અમદાવાદ, તા.૨૭

ગુજરાત સરકારનાં સેક્રેટરી-ઈન્ફર્મેશન ટેકનોલોજી, સાયન્સ એન્ડ ટેકનોલોજી, સર્વિસીસ ધનંજય દ્વિવેદીએ આજે જણાવ્યું હતું કે, 'ગુજરાત સરકારે દેશમાં સ્ટાર્ટઅપ હબ તરીકે ઉભરવા માટેની મહત્ત્વાકાંક્ષી યોજના બનાવી છે. ગુજરાત હવે ફરીવાર ગતિશીલ બન્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં ઔદ્યોગિક વિકાસ અને રોકાણોમાં ગુજરાતમાં સતત વધારો થયો છે.'

ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈએએમએઆઈ) દ્વારા આયોજિત સ્ટાર્ટઅપ સમિટમાં મુખ્ય મહેમાનપદેથી બોલતા દ્વિવેદીએ જણાવ્યું કે, 'ગુજરાત હંમેશા નવા સાહસો એમએસએમઈ, નવા ઉદ્યોગોનાં સર્જનમાં મોખરે રહ્યું છે, તેનો ઈતિહાસ સાક્ષી પૂરે છે. દૂધ, ખાદ્યતેલ, ઈસબગુલ, એરંડો તેમજ ઔદ્યોગિક માલસામાન, કેમિકલ, ખનીજ, ફાર્મા, ફૂડ પ્રોસેસિંગ, ટેક્સ્ટાઈલ વગેરેમાં ગુજરાત ટોચના સ્થાને રહ્યું છે. તેમજ વાયબ્રન્ટ ગુજરાત સિરીઝ જેવી ઈન્ટરનેશનલ બ્રાન્ડને ટકાવવામાં સહાયતા કરી છે.'

ગુગલ ઈન્ડિયાનાં પબ્લીક પોલિસીનાં વડા ચેતન કૃષ્ણા સ્વામીએ જણાવ્યું હતું કે, 'ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપે વૃદ્ધિ પામતી ઈન્ટરનેટ ઈકોનોમિઓમાંની એક છે. આજે ભારતમાં દરેક શહેરોમાંથી સમૃધ્ધ કન્ટેન્ટ અને ઉચ્ચતમ ડિજીટલ અનુભવની મોટાપાયે માંગ ઉભી થઈ છે. સ્ટાર્ટઅપ માટે આ માંગને પૂરી પાડવા માટેની આકર્ષક તક છે. ગુગલમાં અમે માનીએ છીએ કે આવી ઓપન ઈકોસિસ્ટમની ખાસ જરૂરિયાત છે અને આથી જ અમે પૂરેપૂરો સહકાર આપવા કટિબધ્ધ છીએ.'

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦



## પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામના રમેશભાઈ એ. ચૌધરીએ 'ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજનો અભ્યાસ' વિષય પરનો મહાનિબંધ ડૉ. માલદે ઓડેદરાના માર્ગદર્શન હેઠળ લખ્યો છે. જેને ગુજરાત યુનિવસીટીએ એવોર્ડ કરી રમેશભાઈ ચૌધરીને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ મહાનિબંધ ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજનું પ્રથમ સામાજિક સંશોધન છે.


# સદાબહાર જીવનનો સાચો માર્ગ - 'દ્રષ્ટિકોણ'




જિંદગી તો એજ રહેવાની છે, જાગો કે ઉંઘો
કાં તો ખ્વાબી થાય છે કાંતો ખયાલી થાય છે !

બેફામ સાહેબે આ શેરમાં જીવનના નજરીયાની પહેચાનને મસ્ત રીતે ઉજાગર કરી છે. કાંટા વચ્ચે રહીને પણ ગુલાબનું સૌંદર્ય અને સુવાસ મનભાવન - એક દ્રષ્ટિ અને એની સામે બીજો એવો પણ દ્રષ્ટિકોણ. થોડા દિવસ પછી ગુલાબની પાંખડી સુકાઈ જાય, મુરજાઈ જાય, સુવાસ જતી રહે, પરંતુ કાંટાની અણી જન્મે ત્યારથી એવીને એવી ધારદાર હોય છે.

મોરારિ બાપુએ એક સરસ પ્રસંગ વર્ણવેલો. એક ઓલીયો ફકીર. એક પુરાણી મસ્જિદમાં વર્ષોથી રહે. વીસ-વીસ વર્ષોથી રોજેરોજ બીનચુક દિવસમાં પાંચ વખત નમાઝ અદા કરે અને એ પણ મસ્જિદની એણે નિયત કરેલી એક જ જગ્યાએ. મસ્જિદની એ જગા કે જ્યાં આ ઓલીયો ફકીર નમાજ પઢતો ત્યાં તેના હાથ અને પગના નિશાન પડી ગયાં. એટલો એ ચૂસ્ત નમાઝી.



વીસમાં વર્ષની એક સાંજે ફકીર નમાજ પઢતો હતો ત્યારે આકાશમાંથી એક ગેબી અવાજ આવ્યો, 'એ ફકીર તું વીસ વર્ષોથી એક જ જગ્યાએ દિવસની પાંચ પાંચ નમાઝ અદા કરે છે પણ ખુદાના દરબારમાં તારી એક પણ નમાજનો સ્વીકાર કરવામાં આવ્યો નથી.' આ ગેબી અવાજ સાંભળીને ઓલીયો ફકીર તો મોજમાં આવી ગયો, આખી મસ્જિદમાં નાચવા લાગ્યો, ગાવા લાગ્યો, કુદવા લાગ્યો.

આ દશ્ય જોઈને બાજુમાં ઉભેલા મૌલવીએ નાચતા કુદતા ફકીરને કહ્યું કે, 'અરે પાગલ, વીસ વીસ વર્ષથી તું જે પ્રાર્થના-બંદગી કરે છે તેમાંની એક પણ નમાજ ખુદાએ કબુલ કરી નથી તારે તો અફસોસ કરવો જોઈએ-રડવું જોઈએ'

મૌલવી સામે જોઈને મુશ્કુરાતા આ મસ્ત ફકીરે કહ્યું 'આજે મારું જીવન ધન્ય થઈ ગયું. મારી બંદગી કબુલ થાય કે ન થાય એની પરવા નહીં પણ અલ્લાહ તાલાને એ તો ખબર છે ને કે, હું નમાઝ પઢું છું. મારા માટે એટલું જ બસ છે. ફળ મળે કે ન મળે તેની ક્યાં જરૂર છે. હા, ખુદાને એટલી ખબર હોવી જોઈએ કે, તેનો બંદો બંદગી કરે છે. મારી પ્રાર્થના સફળ.'


કેટલી મજાની વાત. કુરુક્ષેત્રના સમરાંગણમાં યુદ્ધના હાકલાં, પડકારાં અને દેકારાં વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણએ પણ આ વાતનો તાળો આપ્યો. 'કર્મણ્યે વાધિકા રસ્તે, મા ફલેષુ કદાચન...' કર્મ કરવાની વાત અગત્યની છે. નિષ્ઠાથી, મનથી, વચનથી, પ્રેમથી કર્મ કરવાનું છે.

જાપાન પ્રદેશની મનભાવન વાત છે. એક સર્વે અનુસાર જાપાનમાં એકસો વર્ષથી વધુ આયુષ્યવાળા એક હજારથી વધુ નાગરિકો છે. એક વાર એક પત્રકાર મિત્રએ એકસો પંદર વર્ષની વયના વડીલને પ્રશ્ન પુછ્યો કે, 'તમારા સુદિર્ઘ અને તંદુસ્ત જીવનના પાયામાં શું છે, તેમાં કયું રહસ્ય છુપાયેલું છે ?' ત્યારે આ એકસો પંદર વર્ષના સદાકાળ યુવાને આંખો ખોલી નાખે એવો મજાનો જવાબ સહજતાથી આપ્યો 'દ્રષ્ટિકોણ. કોઈપણ બાબતને હું હકારાત્મક રીતે જ જોઉં છું. વાત નાની હોય કે મોટી, હું એના ઉપર દુઃખી થવાને બદલે ખડખડાટ હસી લઉં છું.' આ જ તો છે જીવનને હર્યુભર્યું બનાવવાનો. સદાકાળ સદાબહાર રાખવાનો સાચો માર્ગ.

ધબકાર - 'તમને તમારી જાત સિવાય કોઈપણ વ્યક્તિ મદદ કરી ન શકે. જાગો. બીજાનું વાંચન અને બીજાને સાંભળવા કરતાં તમારું પોતાનું જ જીવન-પુસ્તક ખોલો. જીવન યાત્રા છે, એ કોઈ મુકામ નથી'

- જે. કૃષ્ણમૂર્તિ

# અમદાવાદ ખાતે રમણલાલ જોષી વિષયે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું




અમદાવાદ, તા૨૭

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તા.૨૨, મે. ૨૦૧૬ રવિવારના રોજ, સાંજે ૬ વાગ્યે ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સાહિત્યકાર રમણલાલ જેઠાલાલ જોષીના ૯૧માં જન્મદિન પ્રસંગે સ્મૃતિ વ્યાખ્યાનો 'અધ્યયનનિષ્ઠ સાહિત્યકાર : રમણલાલ જોશી' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રમણલાલ જોશીના જીવન - ઝરમર વિશે ગંધર્વ જોશીએ વકતવ્ય આખું અને રમણલાલ જોશીનું સમગ્ર સાહિત્ય વિષે સુમન શાહે વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનિષ પાઠક 'શ્વેત' એ કર્યું હતું.

રમણલાલ જોશીની સર્જનયાત્રાનો માણવા સાહિત્યકારો તેમજ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સાહિત્યકારોમાં જોસેફ મેકવાન, વિજય પંડ્યા, સતીષ વ્યાસ હાજર રહ્યાં હતા.